| | |
|---|---|
| રજુ તારીખ | ૧૪/૦૯/૨૦૨૧ |
| કેસ રજી તા. | ૧૪/૦૯/૨૦૨૧ |
| કેસ ફેસલ તા. | ૨૯/૦૬/૨૦૨૬ |
| સમય ગાળો: વર્ષ, માસ, દિવસ | |

सत्यमेव जयते

**બોટાદના મહે.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.બોટાદ**

**ફોજદારી કેસ નં.૩૩૫૬/૨૦૨૧**

**આંક–**

શ્રી સરકાર

..........ફરીયાદી.

વિરૂધ્ધ

**(૧) રવિભાઈ બાલાભાઈ પરમાર**

ઉ.વ–૩૨, ધંધો–મજુરી, રહે.બોટાદ, હરણકુઈ, તા.જી.બોટાદ.

............આરોપી.

**ગુન્હો–પ્રોહિબીશન ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫–૧ મુજબ...**

---

**શ્રી સરકાર તર્ફે વિ.વકિલશ્રી ડો.આર.આર.જાની**

**આરોપીની ગેરહાજરીમાં**

---

## <u>ચુકાદો</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ કલાક ૧૮/૫૦ દરમ્યાન આ કામના આરોપીએ સાળંગપુર રોડ ઉપર ગેરકાયદેસર વિના પાસ પરમીટે જાહેરમાં નશો કરેલ હાલતમાં મળી આવી ગુનો કરેલ છે. આમ, ઉપરોક્ત મતલબની ફરીયાદ ફરીયાદીએ બોટાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે પ્રોહિબીશન ગુના રજી.નં....૦૪૮૪/૨૦૨૧ થી ગુન્હો નોંધી, તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ આરંભેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ગુજરાત પ્રોહિબીશન ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫–૧ મુજબના ગુન્હાનું

ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો કોડની કલમ–૨૦૭ અન્વયે આ કેસના પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવી, તેની ખાતરી કર્યા બાદ, આરોપી વિરુધ્ધ આંક– ૨ થી તહોમત ફરમાવવામાં આવેલ છે અને આંક– ૩ થી આરોપીની પ્લી નોંધતા આરોપી એ ગુના કબુલાતનો ઈન્કાર કરતાં, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

ચાલુ કામે પુરાવો લીધા બાદ આરોપીને ખુબ લાંબા સમયથી વોરંટની બજવણી થતી ન હોય અને જામીનદાર પણ મળી આવેલ ન હોય. ત્યારબાદ અત્રેની અદાલતે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કર્યા બાદ નીચે મુજબનો પુરાવો રેકર્ડ પર આવેલ છે.

આ કામે રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ તથા ચાર્જશીટ સાથે રજુ રાખેલ દસ્તાવેજ જોતા સદર કામે આરોપી વિરૂધ્ધ પ્રોહિ કલમ–૮૫–૧ મુજબના તત્વો જણાતા ન હોય આંક–૧ લગત હુકમ કરી આરોપીને પ્રોહિ એક્ટ ૮૫(૧) મુજબના કામે ડીસચાર્જ કરવામાં આવેલ છે.

**–::<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>::–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ–રફિકભાઈ રહિમભાઈ ચૌહાણની જુબાની |
| ૨ | ૦૮ | ફરીયાદી– સરદારસિંહ બળવંતસિંહ ચાવડાની જુબાની |
| ૩ | ૧૦ | ત.ક.અ–સુરપાલસિંહ પ્રવિણસિંહ ગોહિલની જુબાની |

**–::<u>ફરીયાદપક્ષનો લૈખિત પુરાવો</u>::–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | શરિર સ્થિતીનું પંચનામુ. |
| ૨ | ૦૯ | ફરીયાદની ખરીનકલ. |
| ૩ | ૧૧ | ફોર્મ "એ" |
| ૪ | ૧૨ | ફોર્મ "સી" |

<u>**આરોપીઓનું વિશેષ નિવેદનઃ**</u>

**૩)** આ કામે આરોપી મળી આવેલ ન હોય જેથી આરોપીનું સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) આ કામ ત્યાર બાદ સરકાર તરફથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તેની ચર્ચા પુનરાવર્તન અટકાવવાના હેતુસર અત્રે કરવામાં આવેલ નથી તેવી ચર્ચા પુરાવાના મુલ્યાંકન વખતે યોગ્ય સ્થળે કરવામાં આવેલ છે.

**(૫) આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો તથા ફરીયાદ પક્ષની દલીલો તેમજ કેસના સં જોગો ઘ્યાને લેતાં મારી સમક્ષના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

*।૧। શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ કલાક ૧૮/૫૦ દરમ્યાન આ કામના આરોપીએ સાળંગપુર રોડ ઉપર ગેરકાયદેસર વિના પાસ પરમીટે જાહેરમાં નશો કરેલ હાલતમાં મળી આવી ગુજરાત પ્રોહિબીશન ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫–૧ મુજબનો ગુન્હો કરેલ છે?*

*।૨। શું હુકમ?*

**(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

।૧। નકારમાં

।૨। આખરી હુકમ મુજબ.

<u>**–:: કારણો ::–**</u>

<u>**મુદ્દા નં.૧ તથા ૨ :–**</u>

(૭) ઉપરોકત વિગતે હાલના કેસમાં પ્રોસીકયુશન તરફથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, આંક– ૦૬ થી રજુ પંચ સાહેદ તેઓની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આરોપીની શરીર સ્થિતિના પોતાની સહી ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૭ થી રજુ કરેલ છે, પરંતુ તે સિવાય અન્ય કોઈ

વિગતોને સમર્થન કરેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં કોઈ ફળદાયક હકીકત મળી આવેલ નથી. સદર કામના અન્ય પંચ સાહેદને વારંવાર સમન્સ કરતા મળી આવેલ ન હોવાનો શેરો તથા નિવેદન સાથે સમન્સ પરત આવેલ હોય જેથી તેઓનો પુરાવો નોંધી શકાયેલ નથી.

આંક–૦૮ થી ફરીયાદી તથા આંક–૧૦ થી તપાસ કરનાર અમલદાર તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપી ફરીયાદમાં ફરીયાદી સહી ઓળખી બતાવી સદર આ કામના આરોપી વિરુધ્ધની ફરીયાદ આંક ૦૯ થી રજુ કરેલ છે. તેમજ તપાસ કરનાર અમલદારે આંક–૧૧ થી આરોપીની મેડકલ તપાસણી ફોર્મ–એ તથા આંક–૧૨ થી ફોર્મ–સી રજુ રાખેલ છે.

(૮) સદર કામે પોલીસ સાહેદો સિવાય અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતા, આ કામે પંચોની હાજરીમાં આરોપી પાસેથી કોઈ સેમ્પલ કબજે કરેલ હોય તે હકીકત સ્પષ્ટપણે ફરિયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે. જેથી સદર આરોપીએ જાહેર સ્થળે વિના પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ હોય તે હકિકત માની શકાય નહિ. તે સંજોગોમા ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરેલ હોવાનુ માની શકાય તેમ નથી. જેથી સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાનુ ત્હોમત પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારાત્મક આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી આદેશ કરવામા આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપી **રવિભાઈ બાલાભાઈ પરમાર,** રહે.હરણકુઈ, તા.જી.બોટાદ નાઓને ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી

મુકવામાં આવે છે.

**૨.** આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી રૂ.૫૦૦૦/– ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

બોટાદ
તા.૨૯/૦૬/૨૦૨૬

(મનન એસ.સોની)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
**બોટાદ, કોડ નં.GJ01262**